*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 0121752

# 13(G)

**(MARCH, 2017)**

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet. |
|---|
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) 'ભોળી રે ભરવાડણ' પદમાં નરસિંહ મહેતા માટે કઈ વિગત સત્ય નથી ?

(A) નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજામાં થયો હતો.

(B) નરસિંહ મહેતા ઉત્તમ 'આદિકવિ' તરીકે પણ જાણીતા છે.

(C) નરસિંહ મહેતાએ 'હાર', 'હૂંડી' અને 'કુંવરબાઈનું મામેરું' જેવી કૃતિઓની રચના કરી છે.

(D) નરસિંહ મહેતાના પ્રભાતિયા 'ઝૂલણા' છંદમાં રચાયા નથી.

2) ગોપી એટલી કૃષ્ણમય છે કે 'મહી લો ને બદલે લ્યો કોઈ મુરારિ' એવો સાદ પાડતી જાય છે. આ પંક્તિમાં ગોપીની કઈ દશાનું વર્ણન છે ?

(A) તન્મયતા (B) વિયોગપણું તથા જીદ

(C) હેતપણું (D) સુમેળપણું

3) નીચેનામાંથી કયું પદ મીરાંબાઈનું છે, ને તે ખૂબ લોકપ્રિય છે. જેને સાંભળતાં ઈશ્વરનું સ્મરણ થાય છે ?

(A) 'બોલમા, બોલમા, બોલ મા રે, રાધા કૃષ્ણ વિના બીજું બોલ મા'.

(B) ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમ ના.

(C) ફૂલ કહે ભમરાને : માધવ ક્યાંય નથી મધુવનમાં.

(D) શેરીએ શેરીએ સાદ પાડે : લ્યો કોઈ મુરારિ.

4) અખાએ ગુરૂ વિશે કયું સત્ય રજૂ કર્યું છે ?

(A) હંમેશા મોક્ષ મેળવવા જ્ઞાની ગુરૂ ન કરવા જોઈએ.

(B) અજ્ઞાની ગુરૂ શિષ્યને નિયમ આપવા તત્પર બની જમુના તીરે લઈ જાય છે.

(C) જ્ઞાની ગુરૂ જ સર્વવ્યાપી છે, જે શ્રી હરિનાં દર્શન કરાવી શકે.

(D) જે ગુરૂ જ્ઞાની ન હોય તે ભગવાન કહેવાય.

5) આકાશમાંથી ભૂમિ તરફ પ્રયાણ કરતો સૂર્ય કઈ નગરીમાં ચડેલો પતંગ પૃથ્વી પર પડતો હોય તેમ લાગે છે ?

(A) મોક્ષપુરી (B) બ્રહ્મપુરી

(C) અમરાપુરી (D) જગન્નનાથ પુરી

6) આથમતા સૂરજને જોઈ કવિ સૂર્ય માટે શી કલ્પના કરે છે ?

(A) જાણે શત્રુ ને છેતરવા પ્રભુએ સૂર્યનું કૃત્રિમ રૂપ ધર્યુ છે.

(B) જાણે પ્રતાપી રાજ યુદ્ધ કરવા આવે છે.

(C) સૌ જનોના ચિત્ત દુભાય છે.

(D) સાગરમાંથી પ્રતિબિંબ પાછા વળી નૃત્ય કરે છે.

7) નીચેના વિધાનોમાંથી કયા કવિએ કોના સહયોગથી શેની સ્થાપના કરી છે, તેની સાચી વિગત ઓળખો ?

(A) જયંત પાઠક નાનાભાઈની મદદથી લોકભારતી મુંદ્રાના સ્થાપક.

(B) ફોર્બ્સના સહયોગથી દલપતરામે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' ની સ્થાપના.

(C) હરીન્દ્ર દવેના સહયોગથી સાબરમતી આશ્રમની સ્થાપના.

(D) કૃષ્ણલાલની મદદથી અરવિંદ આશ્રમની સ્થાપના.

8) 'પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું' એ પંક્તિમાં કવિ કલાપી શું પ્રગટ કરે છે ?

(A) પોતાની સંવેદનશીલતા

(B) પોતાનો ગુસ્સો

(C) પોતાનો પ્રેમ

(D) પોતાની નફરત

9) ઊંચે ઊંચે મહલ બનાઊં, બિચ બિચ રાખું બારી; આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) છપ્પા

(B) સાયંકાળે

(C) સપૂત

(D) મને ચાકર રાખોજી

10) ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર વિશે કઈ વિગત સત્ય નથી ?

(A) તે સુંદરમ્ ઉપનામથી જાણીતા કવિ છે.

(B) તેઓ અરવિંદ આશ્રમ પોંડીચેરીમાં વસ્યા હતા.

(C) 'વસુધા' તેમનો કાવ્યસંગ્રહ છે.

(D) તેઓ સપૂત કાવ્યના રચનાકાર છે.

11) ''જાતે કરવું, જાતે રળવું, જાત વિના સૌ જૂઠું જી;''
આ મુક્તકમાં શાનો મહિમા બતાવ્યો છે ?

(A) સ્વાશ્રય (B) રડવાનો

(C) પોતાની જાતિનો (D) પોતાના હકનો

12) 'મળે ... નહિ' ....', 'જો નહિ ....', 'ના મળે ....', 'ના યદિ ....' આ ચાર બાબતો શું છે ?

(A) સપૂતના કુવિચારો

(B) સપૂતની પ્રતિજ્ઞાઓ

(C) સપૂતની શક્તિ

(D) સપૂતની શાન

13) 'આવ્યો છું તો' કાવ્યમાં કવિ એ કઈ ઈચ્છા વ્યક્ત કરી છે ?

(A) સૌ સાથે હળી-મળીને રહેવાની.

(B) સૌ સાથે ભોજન કરવું.

(C) સૌ સાથે મળીને ભજન ગાવા.

(D) જીવનમાં લોકોને ઓળખતા રહેવું.

14) નીચેનામાંથી કયા કવિ ચૂડી બનાવવાના વ્યવસાયની સાથે કાવ્ય સર્જન પણ કરતાં હતા ?

(A) જયંત હિંમતલાલ પાઠક

(B) મણિલાલ ભગવાનજી દેસાઈ

(C) પ્રિયકાન્ત પ્રેમચંદ મણિયાર

(D) હરિન્દ્ર જયંતીલાલ દવે

15) ''પલ'' કાવ્યમાં વૃંદાવન સાથે શ્રીકૃષ્ણ જ્યારે કુરુક્ષેત્ર સાથે કોનો ઉલ્લેખ છે ?

(A) કૌરવો-પાંડવો

(B) દેવ-દાનવો

(C) રાધા-રમણ

(D) રામ-રાવણ

16) 'રોહિણીના તીરે' પાઠની વિગતોમાં સાચી પ્રથમ ઘટના કઈ છે ? તે જણાવો.

(A) 'રાજવીઓ, સમજો કે વેર કે વિનાશથી કોઈ પ્રશ્નનો ઉકેલ આવતો નથી.'

(B) 'રાજવીઓ, મૂળમાં શા કારણથી આ કલહ મંડાયો છે, કહેશો ?'

(C) બંને પક્ષોએ પરસ્પરનાં રાજકુળોને પણ આમાં સંડોવ્યાં છે.

(D) જેઠ માસ વહી જતો હતો; છતાં વરસાદના કશાં એંધાણ દેખાતા ન હતા.

17) ''હિંદનું પંખી'' સૂફી કથામાં સંદેશાની યુક્તિ કથાને કેવી બનાવે છે ?

(A) વધુ ધારદાર : આળસ આપે તેવી

(B) વિશેષ રસપ્રદ

(C) કંટાળાજનક

(D) ખૂબ કલાત્મક, ચિત્ર દોરે તેવી

18) 'ગિની' એ શું છે ?

(A) સોનાનો એક બ્રિટિશ સિક્કો

(B) ભારતીય સિક્કો

(C) અમેરિકાનું ચલણી ડૉલર

(D) જાપાનનું ચલણી નાણું

19) 'પેન્સિલ છોલવી એ કળા છે' .... જ્યારે પેન્સિલ છોલતા મહેતાજી ..... એ શું છે ?

(A) નાટ્યકાર (B) કળાકાર

(C) રચનાકાર (D) નૃત્યકાર

20) યજ્ઞેશ દવેના મતે દુનિયામાં સૌથી વધુ કોઈ સુંદર ચીજ હોય તો તે કઈ છે ?

(A) પરવાળાનો પથ્થર

(B) પોતાના પત્નીનો ફોટો

(C) રજવાળી હાંડી

(D) ભીનો સ્વચ્છ પારદર્શક કાચ

21) માણસને ગમે ત્યારે, ગમે તે દશામાં, ગમે તે દિશામાંથી, ગમે તે સમયે આશરો આપતું સ્થાન એટલે .... ?

(A) મંદિર

(B) ઉદ્યાન

(C) ઘર

(D) શાળા

22) માણસ, ખુદ માણસ પ્રત્યે જ કેટલો ઉદાસીન અને અન્ય જીવો પ્રત્યે કેવો છે ?

(A) પક્ષપાતી

(B) તલાવગાહી નિરીક્ષણ કરનારો

(C) ઉમદા

(D) મૃદુ સ્વભાવી

23) બાળકોને કોની અદ્ભૂત દુનિયાના દર્શન કરાવવા પત્રમાં કહ્યું છે ?

(A) પરીઓની (B) પુસ્તકોની

(C) જનલોકની (D) સ્વર્ગલોકની

24) આપણે દરિયાની પૂજા કરીએ છીએ પણ ....... યોગ્ય વાક્યથી વિકલ્પ પૂર્ણ કરો.

(A) દરિયાને નમન કરતાં નથી.

(B) દરિયાને વહાલ કરતાં નથી.

(C) દરિયામાં સ્નાન કરતાં નથી.

(D) દરિયાને ભેટ આપતાં નથી.

25) વાડીલાલ ડગલીએ અનુભવોને આધારે કયો નિબંધ લખ્યો છે ?

(A) આકાશ બધે આસમાની

(B) ચર્ચ બેલ

(C) બીજી થોડીક વાતો

(D) કમળના તંતુ

26) 'કાચે રે તાંતણે મને હરજીએ બાંધી
જેમ તાણે તેમ તેમની રે...
મને લાગી કટારી પ્રેમની.'
આ પંક્તિ કોની છે ? અને કોને માટે થોડે અંશે લાગું પડી છે ? તથા કયા પાઠમાં લાગુ પડે છે ?

| | | | |
|---|---|---|---|
| (A) | નાનાભાઈ | નાનાભાઈ માટે | અખો |
| (B) | દેશગમન | ગાંધીજી માટે | મીરાંબાઈ |
| (C) | આભલાનો ટુકડો | રમણ માટે | નરસિંહ મહેતા |
| (D) | થીંગડું | પ્રભાશંકર માટે | ભગવાન બુદ્ધ |

27) 'તારા માટે શું લેતો આવું ?' આ વિધાન કોણ બોલે છે ? કોના માટે ?

(A) વેપારી ગામલોકો માટે.

(B) વેપારી બાળકો માટે.

(C) વેપારી પંખી માટે.

(D) વેપારી ગ્રાહકો માટે.

28) રમણની નોકરી ગઈ ને ............
યોગ્ય વિકલ્પથી વાક્ય પૂર્ણ કરો.

(A) ગભરાઈ ગયો.

(B) બેકાર બન્યો.

(C) રોષમય બન્યો.

(D) સ્વાશ્રયી બન્યો.

29) 'મેટ્રિક પાસ થઈ અમેરિકા ભણવા ચાલ્યો જા.' આ સ્વપ્ન લેખક વાડીલાલને કોણે આપ્યું ?

(A) લેખકના પિતાએ (B) લેખકની માતાએ

(C) દરિયાએ (D) કોઈ સ્વજને

30) આપણા દેશમાં ગમે ત્યાં મંદિરોમાં કોણે લાવવાનો રિવાજ છે ?

(A) પાંડવોને (B) કૌરવોને

(C) વેપારીઓને (D) ભક્તોને

31) નીચે સંધિ વિચ્છેદના બે શબ્દોના વિકલ્પો આપેલા છે. તેમાંથી સાચી સંધિ વિચ્છેદના જોડને શોધીને લખો.

(A) લાભાલાભ = લાભ + અલાભ; હિમાલય = હિમ + આલય

(B) રવિન્દ્ર = રવી + ઈન્દ્ર; યથાર્થ = યથ + અર્થ

(C) પીતાંબર = પીત + અંબર; એકાન્ત = એકા + અન્ત

(D) ઉજ્જડ = ઉત + જડ; સંસાર = સન + સાર

32) નીચે આપેલી સંધિમાંથી કઈ સંધિ વિજાતીય સંધિ છે ? તે જણાવો.

(A) કવિ + ઈશ્વર = કવીશ્વર (ઇ + ઈ = ઈ)

(B) રજની + ઈશ = રજનીશ (ઇ + ઈ = ઈ)

(C) સુ + ઉક્તિ = સૂક્તિ (ઉ + ઉ = ઊ)

(D) જ્ઞાન + ઈશ્વર = જ્ઞાનેશ્વર (અ + ઈ = એ)

33) જે સમાસમાં બે પદો વચ્ચે કોઈને કોઈ વિભક્તિ સંબંધ હોય છે અને બીજું પદ ક્રિયાધાતુ હોય તથા 'નાર' કે 'નારી' પ્રત્યય આવતો હોય તો કયો સમાસ બને ?

(A) દ્વન્દ્વ સમાસ

(B) તત્પુરૂષ સમાસ

(C) ઉપપદ સમાસ

(D) કર્મધારય સમાસ

34) રમણ-દક્ષા, રાજ-નિલરાજ, સોહમ-જાહ્નવી, માધવ-દિપેન આ બધાં ફરવા ગયા. આવા જોડકાં યુક્ત સમાસને કયા નામે ઓળખાય ?

(A) દ્વન્દ્વ સમાસ

(B) તત્પુરૂષ સમાસ

(C) મધ્યમપદલોપી સમાસ

(D) કર્મધારય સમાસ

35) નીચે આપેલા શબ્દસમૂહ માટે કયો શબ્દ યોગ્ય નથી ? તે શોધો.
'જેની કિંમત ન થઈ શકે તેવું'

(A) અમૂલ્ય　　(B) અણયોગ

(C) અણનમ　　(D) અમૃતમ

36) ઉપરથી નીચે પડતી પાણીની ધાર માટે કયો શબ્દસમૂહ વાપરી શકાય ?

(A) પપૂડો　　(B) દદૂડો

(C) ઘરૂડો　　(D) ઢળૂડો

37) નીચેનામાંથી કયું લિંગ સૂચક જોડકું યોગ્ય નથી ?

(A) બાલક-બાલિકા

(B) વાંઝિયો-વાંઝણી

(C) શેઠ-શેઠી

(D) માળી-માળણ

38) નીચેનામાંથી કયો શબ્દ પુલ્લિંગ છે ?

(A) ઑફિસ (B) દોરી

(C) માટી (D) સજ્જન

39) નીચે આપેલા કયા શબ્દનું બહુવચન શક્ય છે ?

(A) દ્વેષ

(B) અક્કલ

(C) પ્રેમ

(D) પુસ્તક

40) નીચે આપેલા વિધાનમાંથી કયું વિધાન બહુવચનનું સૂચન કરે છે ?

(A) કુલદીપ રમે છે.

(B) નિધી હસે છે.

(C) નદીઓ વહે છે.

(D) બા ભજન કરે છે.

41) નીચેના વાક્યોમાંથી કયા વાક્યમાં સહાયકારક ક્રિયાપદ સંભાવનાનો અર્થ આપે છે ?

(A) સાગર અમેરિકા ગયો.

(B) રોમિત વાંચે છે.

(C) સાહેબને અકસ્માત નડશે.

(D) એ ભણવામાં સારો હતો.

42) નીચેનામાંથી કયા વાક્યમાં સહાયકારક ક્રિયાપદ વપરાયું નથી ?

(A) મોર કળા કરતો હતો.

(B) આયુષ હળવદ હશે.

(C) અપૂર્વ રમે છે.

(D) હું આવતી કાલે આવું.

43) ગોપીએ માધવ ને માખણ ખવડાવ્યું ? આ વિધાનમાંથી અનુગ ઓળખો.

(A) માધવ

(B) ગોપી

(C) એ-ને

(D) માખણ

44) વૃક્ષ ...... પાકું ફળ પડ્યું.
આ વિધાનમાં યોગ્ય નામયોગી મૂકો.

(A) પરથી

(B) ના

(C) અંદર

(D) ની

45) બાળકો જ્યારે ખરાબ કામ કરે ત્યારે પિતા ખૂબ ઠપકો આપે. તે સમયે 'ધૂળ કાઢી નાખવી' એવો રૂઢિપ્રયોગ વપરાય. જો બાળક મોટું પરાક્રમ કરે તો કયો રૂઢિપ્રયોગ વાપરી શકાય ?

(A) ઈડરિયો ગઢ જીતવો.

(B) અખાડા કરવા

(C) નાકે દમ આવવો.

(D) મોંમા પાણી આવવું.

46) જ્યાં પાંચ તટસ્થ બુદ્ધિશાળી વ્યક્તિઓના નિર્ણય પરમેશ્વર સમાન હોય ત્યાં કઈ કહેવત લાગુ પડે છે ?

(A) પંચ પરાક્રમ કરે સાહસ.

(B) પંચ પરમેશ્વર.

(C) પંચ પરાયણ છે તે નારાયણ.

(D) પંચમુખી દેવો સુખી.

47) નીચે આપેલા શબ્દોમાં સમાનાર્થી શબ્દોની સાચી જોડ શોધો.

(A) પુદ્ગલ - પ્રેમ

(B) ખેહ - ધારા

(C) તપખીર - વાસ

(D) હાટ - બજાર

48) નીચે આપેલા વિરોધી શબ્દોનું કયું જોડકું સાચું નથી ?

(A) સ્વદેશ × પરદેશ

(B) છેલ્લું × પહેલું

(C) પ્રેમ × નફરત

(D) નિષ્ફળ × નિર્મળ

49) નીચેનામાંથી કયો શબ્દ બંધ બેસતો નથી ?

(A) નાજુક

(B) નાજુકાઈ

(C) નજાકત

(D) નજરાણું

50) 'સ્વર્ગ' શબ્દના ધ્વનિ ઘટકો જણાવો.

(A) સ્ + વ્ + અ + ર્ + ગ્ + અ

(B) સ્ + ર + ગ્ + અ

(C) સ્ + વ્ + ર્ + ગ્

(D) સ્ + અ + વ્ + ર્ + અ + ગ + અ

# 13(G)

(MARCH, 2017)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નોના ક્રમ 1 થી 14 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નનોના જવાબ સમજી વિચારી યોગ્ય રીતે ગુણાંકન અનુસાર આપવાના રહેશે.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) અપઠિત વિભાગમાં માગ્યા મુજબ વિસ્તારપૂર્વક વિષયાનુસાર લખાણ લખવું.

### વિભાગ - A

■ નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) **[8]**

1) અગ્નિ અને ધુમાડાના ઉદાહરણ દ્વારા અખો શું સૂચવે છે ?

2) ''રે રે ! સત્તા તમ પર જનો ભોગવે ક્રૂર આવી.'' આ પંક્તિ પરથી કવિ માનવ સ્વભાવ વિશે કયું દુ:ખ અનુભવે છે ?

અથવા

સ્વતંત્રતા ન મળે ત્યાં સુધી સપૂત કઈ-કઈ પ્રતિજ્ઞા કરે છે ?

3) કવિ મૃત પત્નીને કઈ-કઈ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

4) 'અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી.'
આ પંક્તિ કઈ ઘટનાનો નિર્દેશ કરે છે ?

■ **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** **[4]**

5) લેખક ચકલીઓને પાછી લાવવા કયા-કયા પ્રયાસો કરે છે ? શું તેમાં તે સફળ થાય છે ? તમારા મતે લખો.

અથવા

ધર્મપ્રચારની સમજ લેખકને કેવી રીતે સ્પષ્ટ થઈ ?

6) 'આંગળી ઝાલીને એને દોરજે !' માં વ્યક્ત કરેલા કોઈપણ ચાર જીવન મૂલ્યો સ્પષ્ટ લખો.

■ **નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યોમાં ઉત્તર લખો. (મુદ્દાસર વિસ્તારથી જવાબ લખવો).** **[3]**

7) દક્ષા અને રમણ સાચેજ મધ્યમ વર્ગની ભીંસમાં પીસાતાં સાચા પાત્રો છે. એ વિધાનના આધારે 'આભલાનો ટુકડો' શીર્ષકની સાર્થકતા ચર્ચો.

અથવા

પ્રભાશંકરને યાદ આવતાં, પાર્વતી સાથેના એકાદ પ્રસંગનું વર્ણન કરો.

## વિભાગ - B

■ **નીચેના ગદ્યખંડનું વિસ્તૃતીકરણ કરો.** **[5]**

8) જગતમાં માનવીના કુળને નહિ પરંતુ ગુણોને પૂજાય છે. કોઈપણ માણસનું માપ તેનામાં રહેલા ગુણોથી નીકળે છે. કમળ કાદવમાં ખીલે છતાંય દેવશિરે ચડે છે. કોઈપણ માનવીનું મૂલ્યાંકન તેના ગુણ પ્રમાણે જ થવું જોઈએ. 'ગુણો જ સર્વત્ર પૂજાય છે, મનુષ્ય નહિ.' મનુષ્ય ઉચ્ચ કુળમાં જન્મ્યો હોય પણ ગુણવાન ન હોય તો તેનું જીવન નકામું છે. મહાન માણસો કુળથી નહિ પણ ગુણથી અમર અને મહાન બને છે.

■ **નીચેની પંક્તિઓનો વિસ્તારપૂર્વક અર્થવિસ્તાર કરો.** **[5]**

9) 'પૂજે જનો સૌ ઉગતા રવિને'

અથવા

'હોય કામ મુશ્કેલ પણ,
ઉદ્યમથી ઝટ થાય,
ખંત જો દિલમાં હોય,
તો કદી ફોગટ ન જાય.'

## વિભાગ - C

10) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ અર્થમય સ્વરૂપે લખો. [5]

રજાઓ દિવાળી તણી થઈ પૂરી ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની,
વસેલાં ધંધાર્થે દૂર-સુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘેર તણાં
સદાનાં ગંગામા સ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ
લખાયેલો કર્મ વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો, નિજ જગા,
ઉવેખી અને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં.
સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડયો,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું.
બપોરે બે ભાઈ અવર ઊપડયા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચન મંદ સ્મિત વતી;
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

– કવિ : ઉશનસ્

પ્રશ્નો :

1) સંતાનો પોતાની માતા પાસે ક્યારે આવે છે ?

2) દિવાળીની રજાએ પૂર્ણ થતાં શું બન્યું ?

3) બા નું ઘર ક્યારે શાંત થઈ ગયું ?

4) બા ક્યાં બેસીને રડવા લાગી ? શા માટે ?

5) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **[5]**

**11)** આપણી પોતાની જાતમાં શ્રદ્ધાનો આદર્શ આપણને મદદરૂપ બને છે. જેવું તમે વિચારશો તેવા તમે બનશો. જો તમે તમારી જાતને દુર્બળ માનશો તો તમે દુર્બળ બનશો; જો તમે સબળ માનશો તો તમે સબળ બનશો; જો તમે પોતાને અપવિત્ર માનશો તો અપવિત્ર બનશો ; જો તમે પવિત્ર માનશો તો પવિત્ર બનશો. આ આપણને શીખવે છે કે આપણે આપણી જાતને દુર્બળ નહિ પણ સામર્થ્યવાન, સર્વશક્તિમાન, સર્વજ્ઞ માનવાની છે. આપણે હજી એ અભિવ્યક્ત નથી કર્યુ તેનો કોઈ વાંધો નહીં; એ આપણાંમાં છે જ. આપણામાં સર્વ જ્ઞાન રહેલું છે, સર્વ શક્તિ રહેલી છે, સર્વ પવિત્રતા, સર્વ સ્વાતંત્ર્ય આપણી અંદર જ છે. ત્યારે હું, એ જ્ઞાનને પ્રગટ કેમ નથી કરી શકતો? કારણ કે હું જ એમાં શ્રદ્ધા રાખતો નથી. કોઈપણ માનવી કે હરકોઈ રાષ્ટ્ર જે ક્ષણે શ્રદ્ધા ગુમાવે તે જ ક્ષણે તેનો નાશ થાય છે.

– સ્વામી વિવેકાનંદ

**પ્રશ્નો :**

**1)** આપણને સ્વજાતમાં કોણ મદદરૂપ બની શકે છે ?

**2)** આપણી જાતને આપણે કેવી માનવાની છે ?

**3)** માણસની વિચારસરણી બાબતે કયા-કયા વિચારો અહીં પ્રગટ કરેલા છે ?

**4)** કોઈપણ માનવી કે રાષ્ટ્રનો ક્યારે નાશ થાય છે ?

**5)** આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**12)** બહારગામ હૉસ્ટેલમાં ભણતાં તમારા નાનાભાઈને વધુ પડતાં મોબાઈલના દુરઉપયોગથી થતી અભ્યાસ પર અસરનું વર્ણન કરતો પત્ર લખો. **[5]**

અથવા

'સ્વચ્છ ભારત' પર આધારિત તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાનનો આશરે 100 થી 150 શબ્દોમાં અહેવાલ લખો.

## વિભાગ - D

**13) ભાષાશુદ્ધિ જાળવી ફકરો ફરીથી લખો.** **[2]**

મેં હળવે થી કહ્યું: 'છોકરાઓ પરણે તો ખરા. આપણે ક્યાં બાળવાયે પરણાવવી છે ? મોટા થાય ત્યારે તો તે પોતે જ ભલે કરવું હોય તે કરે. અને આપણે ક્યાં ઘરેણાંની સોખીન વહુઓ ગોતાવી છે ?'

**14) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 150 થી 200 શબ્દોમાં નિબંધ લખો. (આપેલ મુદ્દાઓને આવરી લેવા)** **[8]**

(1) ''યોગ ભગાડે રોગ''

પ્રસ્તાવના - યોગનો અર્થ - પ્રાચીનકાળથી યોગનું મહત્ત્વ - યોગના રચનાકાર મહર્ષિ પતંજલી - યોગના આઠ અંગો જેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન - મનુષ્યના જીવનમાં યોગનું મહત્ત્વ - યોગથી થતાં ફાયદા - આજના સમયમાં યોગની અગત્યતા - યોગ મટાડે રોગ - વિશ્વયોગ દિનની ઉજવણી - ઉપસંહાર.

(2) સરદાર સરોવર નર્મદા યોજના

પ્રસ્તાવના - નર્મદા નદીનો ઉદ્‌ગમ સ્થાન - નર્મદા બંધ શા માટે ? - નર્મદા યોજનાના લાભ - ગુજરાતની જીવાદોરી સમાન નદી - યોજનાનો વિરોધ - 'નમામિ દેવી નર્મદે' - 'નર્મદે સર્વ દે' - ઉપસંહાર.

(3) જનની ની જોડ સખી ! નહિ જડે રે લોલ !

પ્રસ્તાવના - જનની નો અર્થ - જનની નો દરેક જીવોમાં જોવા મળતો પ્રેમ - જનની દ્વારા બાળકમાં સંસ્કારનું સિંચન - માનો નિઃસ્વાર્થ પ્રેમ - જનની ની ઋણ ચૂકવણી સેવા દ્વારા - ઉપસંહાર.